# મુક્તિદાતા જન્મોત્સવ

## શિષ્ય થોમસન

ભૂલી ના જશો જન્મોત્સવમાં
સૃષ્ટિ એ કર્ત્તા ને નકારીયો
અંધકાર એ ના સ્વીકારીયો
તિરસ્કાર જ હતો જગતમાં

ભૂલી ના જશો જન્મોત્સવમાં
કાંટાઓનાં રાજ્યાભિષેકને
કોરડા, ઘાવ અને વહેલા એ લોહીને
મોક્ષદ્વારની એ ખૂશખબરીને

આચાર્ય ઈસુદાસજી પરોઢિયે કૂવા પર સ્નાન કર્યા પછી પવિત્ર શાસ્ત્રનાં વચનો પર ધ્યાન કરી રહ્યા હતાં. અને એ દિવસ માટે પરમ ઈશ્વરનો આશિર્વાદ લઈ રહ્યા હતાં ત્યારે જ પાડોશી ગામ અમનપુરાનાં અમુક લોકો આચાર્ય ઈસુદાસજી ની પ્રભાતની પ્રાર્થનામાં ભાગ લેવા આશ્રમમાં આવી ગયા. ભક્તિ કર્યા બાદ આચાર્યજી એ પવિત્ર શાસ્ત્રનું વચન વાચ્યું.

"વચન સદેહ થયો અને કૃપા તથા સત્યતાથી ભરપૂર થઈને આપણી મધ્યે વસ્યો. અને અમે તેની એવી મહિમા જોઈ, જેવી પરમપિતાનાં એકાકીજનિત દીકરાની મહિમા."

આચાર્ય ઇસુદાસજીએ આગળ કહ્યું કે પવિત્ર શાસ્ત્રનું આ વચન પ્રભુ ઈસુનાં વિષયમાં છે. પ્રભુ ઈસુ સમગ્ર માનવજાતિ ને મોક્ષ પ્રદાન કરવા, માણસનું રૂપ ધારણ કરી આપણી મધ્યે આવ્યાં. અચાનક સૂર્ય પ્રકાશજી એ એક પ્રશ્ન પૂછીને ભક્ત મંડળીને વિચલીત કરી દીધી.

તેમણે કહ્યું આચાર્ય ઇસુદાસજી આવતા મહીને ડીસેમ્બરમાં પ્રભુ ઈસુનાં જન્મદિવસને આખી દુનિયામાં ધૂમધામથી મનાવવામાં આવશે, પરંતુ તમે આપેલા પવિત્ર બાઈબલમાં મે ક્યાં પણ પ્રભુ ઈસુનાં જન્મ દિવસની તિથી (તારિખ) ના જોઈ. આચાર્ય ઇસુદાસજીએ કહ્યું મને ખૂશી છે કે તમે પવિત્ર શાસ્ત્ર બાઇબલને ધ્યાનથી વાંચો છો.

આ સાચું છે કે પ્રભુ ઈસુનાં જન્મની તારીખ આપણને ક્યાંય નથી મળતી.

## ઈસુનો તિરસ્કાર

કેવી અચરજની વાત છે, જે સર્વસૃષ્ટિનાં જન્મદાતા છે તેમનાં જન્મ દિવસની કોઈ માહિતી નથી. સૂર્ય પ્રકાશજી આ સાચું છે કે અપમાન, નિંદા અને તિરસ્કારની વચ્ચે પ્રભુ ઈસુનો જન્મ થાય છે. પવિત્ર બાઈબલ કહે છે.

- અજવાળું અંધારામાં પ્રકાશે છે, પણ અંધારાએ તેને ન સ્વીકાર્યો. (યોહાન ૧:૫)
- ઈસુ જગતમાં આવ્યા, એ જગત જે તેમણે પોતે ઉતપન્ન કરેલું, તો પણ જગતે તેમને ઓળખ્યા નહિ (યોહાન ૧:૧૦)
- તેઓ પોતાનાં લોકોની પાસે આવ્યાં, પણ પોતાનાં લોકોએ તેનો અંગીકાર કર્યો નહિં (યોહાન ૧:૧૧)

## ભવિષ્યવાણી

પ્રભુ ઈસુનાં માણસનું દેહ ધારણ કરી સંસારમાં આવતા પહેલાં જ તેમનાં જીવન સંબંધિત સઘળી વાતોની ભવિષ્યવાણી થઈ ગઈ હતી. હજારો વર્ષ પહેલાં જ પવિત્ર શાસ્ત્રમાં લખી દેવામાં આવ્યું હતું કે ઇસુ કુંવારી સ્ત્રીથી જન્મ લેશે. તેઓ બેથલેહેમ ગામમાં જન્મ લેશે, દૃષ્ટ લોકો દ્વારા નાના બાળકોનો નરસંહાર કરવામાં આવશે, તેમણે દેશ છોડવો પડશે અને તેમનાં સંપૂર્ણ જીવન વિશે ભવિષ્યવાણી થઈ હતી. કે તેઓને વધસ્તંભ પર મારી નાખવામાં આવશે અને મૃત્યુ પછી તેઓ ફરીથી સજીવન થશે અને આવી ઘણી બધી બાબતો વિશે લખેલું હતું.

ભક્ત મંડળીના લોકોનાં મુખ પર પ્રશ્ન ચિહ્નો જોઈને આચાર્યજી એ આગળ કહ્યું, હા, આ સાચું છે કે, પ્રભુ ઈસુનો જન્મ એક ગરીબ કુટુંબમાં થયો અને એ પણ કે તેમનો જન્મ એક ગભાણમાં થયો કારણકે પ્રસવનાં સમયે તેમનાં પરિવારને પોતાનાં ગામથી દૂર બીજા નગર બેથલેહેમ માં જવું પડ્યુ અને ત્યાં તેમને રહેવા માટે કોઈ ઘર કે ધર્મશાળા ના મળી.

એ પણ સાચુ છે કે પ્રભુનાં જન્મ દિવસે દૃષ્ટ લોકોમાં અશાંતિ વ્યાપી ગઈ. અને તેમણે બે વર્ષ સુધીના બધા જ બાળકોને મારી નંખાવ્યા. કારણકે જ્યોતિષીઓ જેઓ પૂર્વ દેશથી યરૂશાલેમ ના રાજા ને મળવા આપ્યા હતાં તેમણે તેને કહ્યું કે આજે એક રાજાનો જન્મ થયો છે. તેથી યરૂશાલેમનો રાજા ગભરાઈ ગયો અને તેણે બધા જ બાળકોનો નરસંહાર કરી દીધો.

એ પણ સાચુ છે કે એ જ રાતે પ્રભુ ઈસુની માતા મરીયમ અને પિતા યુસુફ ને મીસર દેશમાં જવું પડ્યું કારણ કે સ્વર્ગદૂતે તેમને તે દેશ છોડી દેવાનું કહ્યું હતું.

## ઈસુની દીનતા

આ બધી વાતો સાંભળી સેવકલાલજી મૂંજવણમાં પડી ગયા અને બોલી ઉઠ્યા કે આચાર્યજી અમુક વાતો સમજાતી નથી. પૂરા સંસારમાં આપણને મોટા મોટા લોકો, મહાત્મા, સંતો અને ગુરૂઓનાં જન્મ દિવસનું જ્ઞાન હોય છે. તેઓ બધા જ ધૂમ ધામથી અને ભવ્યતાથી આ સંસારમાં જન્મ લે છે.

પણ પ્રભુ ઈસુ સાથે તો આવુ કશું જ ન થયું. પ્રભુ ક્યા દિવસે જન્મ્યા હતા તેની પણ આપણને ખબર નથી તો શું કહીયે, પ્રભુ ઈસુ કેવી રીતે પરમ ઈશ્વરનાં

પુત્ર અને મનુષ્યજાતિનાં મુક્તિદાતા કહેવાય ? આચાર્યજી એ જવાબ આપતાં કહ્યું, મારા ભાઈ તમારો વિચાર સંસારના દૃષ્ટિકોણથી તો યોગ્ય છે. પરંતુ આત્મિક સત્યને પણ ભૂલવું ન જોઈએ.

## અદ્‌ભૂત જન્મ

સત્ય તો એ પણ છે કે, ગામડાની એક અપરિણીત કુંવારી મરીયમની પાસે સ્વર્ગદૂતે આવીને કહ્યું હતું કે “તું એક બાળકને જન્મ આપશે, જે પરમ-આત્મા દ્વારા જન્મ લેશે.”

હા, એ પણ સત્ય છે કે, એ રાતે જ્યારે ગૌશાળામાં સંસારનાં લોકોએ પરમ-ઈશ્વરનાં પુત્રનું સ્વાગત ના કર્યું, તો સ્વર્ગદૂતો નું એક સમૂહ આકાશમાં આનંદ ની ઘોષણા કરતું હતું.

હા, આ સત્ય છે કે, પશુપાલન કરતાં ગરીબ ભરવાડોને સ્વર્ગદૂતોએ સંદેશ આપીને નગરમાં મોકલ્યા કે, જગતનાં મુક્તિદાતાનો એક ગૌશાળા જન્મ થયો છે. અને તેઓએ જઈને ઈસુને દંડવત કર્યા.

હા, આ પણ સત્ય છે કે, પૂર્વ દેશથી ત્રણ જ્યોતિશીઓ આવ્યા અને આકાશમાં એક અતિતેજમય તારા ને જોઈ તેની દીશામાં આગળ ચાલી એક ગૌશાળામાં પ્રભુ ઈસુનાં દર્શન કર્યા.

## ચમત્કારો દ્વારા પ્રમાણ

પ્રભુ ઈસુએ અદ્‌ભૂત ચમત્કારો કરીને પોતાનાં ઈશ્વરત્વને આ સંસાર પર પ્રગટ કર્યું. પ્રભુએ ૩૩ વર્ષનાં તેમના જીવન દરમ્યાન મોટા મોટા ચમત્કારો કર્યા.

ગામે ગામ ફરીને તેઓ પરમ-ઈશ્વરનાં પ્રેમ સંદેશ ને લોકો પર પ્રકટ કરતા. પાપ શું છે, તે લોકોને સમજાવ્યું તેમણે કહ્યું કે પાપ ફક્ત કર્મોમાં નથી હોતુ પરંતુ મનુષ્યનાં હ્રદયમાં, મનમાં, વિચારોમાં અને ઉદ્દેશોમાં હોય છે.

હા, એ સત્ય છે કે ઈસુએ બિમારોને સાજા કર્યા, આંધળાઓને દેખતા કર્યા, કોઢિઓને શુધ્ધ કર્યા અને મરેલાઓને પણ જીવીત કર્યાં. ભૂત પ્રેતોને ધમકાવીને કાઢી નાંખતા. પ્રકૃતિ પર તેમનો અધિકાર હતો, આંધી તોફાનને શાંત કર્યાં, પાણી પર ચાલ્યા અને તેઓ પોતે સમગ્ર સૃષ્ટિનાં સર્જનહાર છે તેના પ્રમાણ આપ્યા.

## પ્રભુ ઈસુનાં આવવાનો ઉદ્દેશ

પ્રભુ ઈસુ એ તેમનાં સંસારમાં આવવાનો ઉદ્દેશ જણાવ્યો અને કહ્યું “હું દરિદ્રીઓને ખૂશખબરી આપવા, બંદીવાનોને છોડાવવા, આંધળાઓને દૃષ્ટિ આપવા અને ઘાયલ થયેલાઓને છોડાવવા અને સમગ્ર સંસારમાં પરમ ઈશ્વરે પ્રકટ કરેલા પાપોની માફીનાં દાન અને મુક્તિનાં શુભસંદેશને સંભળાવવા આવ્યો છું.”

## લાચાર માણસ

આપણે પાપી લોકો, ના તો પરમ ઈશ્વરને શોધી શકીએ છીએ અને ના તો તેમને જાણી શક્તાં. આપણી પાસે એવી કોઈ પણ યોગ્યતા કે શક્તિ નથી કે સ્વર્ગમાં વિરાજમાન પરમ ઈશ્વર સુધી પહોંચી શકીએ. તેથી પ્રભુ ઈસુ સમગ્ર સંસારનાં લોકોને બચાવવા માટે એકમાત્ર મુક્તિનો માર્ગ બની સ્વર્ગથી ઉતરી આપ્યાં.

## મુક્તિની કિંમત

આચાર્ય ઇસુદાસજીએ કહ્યું, તમે જ કહો કોણ આવ્યું છે આપણને બચાવવા, કોણે આપણને પોતાનાં પ્રાણ ન્યોછાવર કરીને પ્રેમ કર્યો છે. છે કોઈ આ સંસારમાં જેણે દુશ્મનો માટે પોતાના પ્રાણનું બલિદાન આપ્યું હોય ?

પ્રભુ ઈસુ વધસ્તંભ પર મરણ સહન કરે છે. અને એ જ આપણા પાપોનો દંડ છે. તેમાં તેમની હાર નથી પણ આપણી મુક્તિનાં માટે શૈતાન અને અંધકારની શક્તિઓ ઉપર પ્રભુની જીત છે. સંસારની નિંદા, અપમાન, હિંસા તેઓ ઉઠાવે છે. ત્યારબાદ લાકડાનાં વધસ્તંભ પર તેમને ચઢાવવામાં આવે છે આ સઘળુ તેમની હારની નીશાની નથી.

કબરમાં મુક્યાનાં ત્રીજા દિવસે પ્રભુ ઈસુ સજીવન થાય છે. લોકોને મળે છે, અને અમુક દિવસો પછી લોકોનાં દેખતાં તેમનું સ્વર્ગારોહણ થાય છે. આ પરમ-ઈશ્વરનાં એ મહાન પ્રેમનું દર્શન છે જેનું વર્ણન પવિત્ર બાઈબલમાં છે. શાસ્ત્ર કહે છે "પરમ ઈશ્વરે પોતાનાં પુત્ર ઈસુને સંસારમાં તેમનાં પ્રેમ સ્વરૂપ બલીદાન થવા મોકલ્યાં, એ સારુ કે જે કોઈ ઈસુ પર વિશ્વાસ કરે, તેનાં પાપોને માફી મળે અને તેને મુક્તિ મળે." (યોહાન ૩:૧૬)

આચાર્ય ઇસુદાસજી એ કહ્યું, હવે મારી પાસે તમારી માટે એક પ્રશ્ન છે. જે પરમ ઈશ્વરનાં પુત્ર પ્રભુ ઈસુની જન્મ નાં દિવસની તિથિ પણ આપણને ખબર નથી, શું તમે એ પ્રભુ ઈસુનો નકાર કરશો ? તિરસ્કાર કરશો ? પવિત્ર શાસ્ત્ર કહે છે, "જેટલાં લોકોએ પ્રભુ ઈસુનો અંગિકાર કર્યો તે સઘળાંને તેણે પરમેશ્વરનાં સંતાન થવાનો અધિકાર આપ્યો." (યોહાન ૧:૧૨)

આટલુ સાંભળતા જ આશ્રમમાં આનંદની એક લહેર છવાઈ ગઈ. બધા જ સાથે મળીને બોલી ઉઠ્યા કે આચાર્યજી પ્રભુ ઈસુ જેવા પ્રેમી મુક્તિદાતાને અમે આનંદથી સ્વીકાર કરીશું.

આચાર્યજીએ કહ્યું ઈસુ જન્મોત્સવને દેખાવટી રીતે અને પ્રભુનાં નામનું અપમાન થાય તે રીતે ન મનાવશો. પ્રભુ ઈસુ આપણા હૃદયોમાં જન્મે, આપણી અંદર જીવીત રહે, જેથી આપણા જીવન પવિત્ર થાય, સઘળાએ એક સાથે પ્રાર્થના કરી.

## મુક્તિ પ્રાર્થના

પવિત્ર પ્રભુ ઈસુ, તમે અમને પાપોથી મુક્ત કરવા આ સંસારમાં આવ્યા - અમે પાપી છીએ. અમારા પાપોની માફી માટે તમે જે બલિદાન આપ્યુ છે તેનાં દ્વારા અમને મુક્તિ આપો. તમારો પવિત્ર આત્મા આપો અને નવું જીવન પ્રદાન કરો. મોક્ષદાન કરો.

પ્રભુનું ભજન કર્યા બાદ સઘળા પોત પોતાનાં ઘરે ગયાં અને આચાર્ય ઇસુદાસજી સાઈકલ લઈને કોઢિઓનાં ગામ તરફ નીકળી ગયાં.

**Please visit: for new messages and Bhakti songs**
**www.shishyashram.com**

**SHISHYASHRAM**
[Registered under IndianTrust Act, 1882 Reg. No-6166
305 D/A Sheeshmahal, Shalimar Bagh, New Delhi-110 088
*e-mail:jawabjawab@yahoo.com*